કેસ દાખલ તારીખ: ૨૪/૧૧/૨૦૧૩
રજી. તારીખ : ૨૪/૧૧/૨૦૧૩
નિકાલ તારીખ : ૩૦/૦૩/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ
૧૨ ૦૪ ૦૬

**વિસનગરના મે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**

**ક્રિ.કેસ નં. ૧૫/૨૦૧૩**

**આંક:–**

**ફરિયાદી :–** શ્રી સરકાર

**:: વિરૂઘ્ધ ::**

**આરોપી :–** પીસ્તી બીલ મોરીયા જેસલ સેમોલભાઇ,
રહેઃ મહેસાણા, રામોસણા જકાતનાકા દેસાઇનગર,
તા.જી.મહેસાણા.

ગુનો :– **આઈ.પી.સી.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ , ૧૩૪ મુજબ.**

**ફરિયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી.નાચી.**

**આરોપી પક્ષ તર્ફે વિ.વ.શ્રી. સી.એમ.પટેલ.**

**–//ઠરાવ//–**

(૧) આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ મોજે કડા વિસનગર રોડ ઉપર તા. ૨૩/૧૧/૨૦૧૨ નારોજ કલાક ૧૧:૩૦ વાગ્યે પોતાનું દુધનું ટેન્કર જી.જે.–૦૨–ઝેડ–૨૦૨૫ નું ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના મોટર સાયકલ જી.જે.–એ.કે.–૫૮૩ ને ટક્કર મારી ઈજા કરી જમણા પગના

ઘુટણ ઉપર ફ્રેકચર કરી તથા ટેન્કરમાં બેસેલ માણસ પડી જવાથી તેને ડાબા પગે થાપા ઉપર ફ્રેકચર કરી ઈજાઓ કરી ટેન્કર મુકી નાસી જઈ ગુનો કરેલ તેની વિગતવારની ફરીયાદ સંબંધીત પો.સ્ટે.માં ફરીયાદીએ આપતા પોલીસે ગુનો રજીસ્ટર્ડ કરી સદર ગુનાની તપાસ કરી, તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, પંચો રૂબરૂ પંચનામા કરી, આરોપીને અટક કરી સમગ્ર તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ.

(૩) આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી હાજર થતા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કરી આરોપીનું આંક– ૦૪ થી નિવેદન મારા પુરોગામી મેજિસ્ટ્રેટશ્રીએ રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેના ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૪) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>(અ) મૌખિક પુરાવા :–</u>**

| | |
|---|---|
| (૧) પંચ સાહેદ પટેલ ડાહ્યાભાઈ અંબારામની જુબાની | આંક–૦૬ |
| (૨) પંચ સાહેદ ઠાકોર ગાંડાજી સોમાજીની જુબાની | આંક–૦૮ |
| (૩) પંચ સાહેદ પટેલ પ્રવિણભાઈ શંકરભાઈની જુબાની | આંક–૨૪ |
| (૪) સાહેદ ઝાલા ત્રીભોવનસીંહ ઈશ્વરસીંહની જુબાની | આંક–૩૩ |
| (૫) સાહેદ પટેલ છગનભાઈ હરગોવનભાઈની જુબાની | આંક–૩૬ |
| (૬) સાહેદ ઝાલા હેતલબેન ઈશ્વરજીની જુબાની | આંક–૩૭ |
| (૭) સાહેદ વસંતબેન ત્રીભોવનસીંહની જુબાની | આંક–૪૮ |
| (૮) ફરીયાદી વનવરસિંહ પરબતસિંહની જુબાની | આંક–૪૯ |
| (૯) સાહેદ ઝાલા પુરીબેન ઈશ્વરજીની જુબાની | આંક–૫૧ |

**(બ) દસ્તાવેજી પુરાવા :–**

| | | |
|---|---|---|
| (૧) | વાહનનું પંચનામું | આંક–૦૭ |
| (૨) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | આંક–૨૫ |
| (૩) | ફરીયાદ | આંક–૫૦ |

(૫) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આ કામે આરોપી મળી આવતા ન હોય આરોપીની ગેરહાજરીમાં કેસ ચલાવવાનો સી.આર.પી.સી. ની કલમ–૨૯૯, બી.એન.એસ.એસ. કલમ–૩૩૫ મુજબનો હુકમ તા.૦૨/૦૫/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હોય અને આરોપી હાજર ન હોય તેમજ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ પર પુરાવો જણાય આવતો ન હોય જેથી આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૬) વિ.એ.પી.પીશ્રી એ.આર. નાયી પોતાની મૌખીક દલીલોમાં જણાવે છે કે, આ કામે રજૂ થયેલ સાહેદોના પુરાવા મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

આરોપી તરફે તેઓના વિ.વ.શ્રી હાજર ન હોય તેઓના તરફે કોઇ દલીલ થયેલ નથી.

(૭) સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થાય છે.

**– :: મુદ્દા ::–**

૧. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ મોજે કડા વિસનગર રોડ ઉપર તા. ૨૩/૧૧/૨૦૧૨ નારોજ કલાક ૧૧:૩૦ વાગ્યે પોતાનું દુધનું ટેન્કર જી.જે.–૦૨–ઝેડ–૨૦૨૫ નું ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના મોટર સાયકલ જી.જે.–એ.કે.–૫૮૩ ને ટક્કર મારી ઈજા કરી જમણા

પગના ઘુટણ ઉપર ફેકચર કરી તથા ટેન્કરમાં બેસેલ માણસ પડી જવાથી તેને ડાબા પગે થાપા ઉપર ફેકચર કરી ઈજાઓ કરી ટેન્કર મુકી નાસી જઈ ભારતીય દંડ સહીંતાની કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદૃાઓ પરત્વેના નીચે જણાવેલ કારણોસર મારા તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**<u>–: કા ર ણો :–</u>**

**મુદ્દા નંબર–૧**

(૯) આ કામે રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં આંક–૦૬ અને આંક–૦૮ વાળા પંચો રૂબરૂ વાહનનું પંચનામું આંક–૦૭ વાળું કરવામાં આવેલ તે પંચો આંક–૦૭ વાળા પંચનામાને સમર્થન કરતા હોવાનું જણાય આવતું ન હોય તેમજ આંક–૦૭ વાળા પંચનામાના પંચો તેઓના પુરાવામાં તેઓએ કોઇ વાહનનું પંચનામું ન કરેલ હોવાની હકીકત જણાવતા હોય જેથી સદર પંચ સાહેદોના પુરાવાથી પંચનામું પુરવાર થતું હોવાનું જણાય આવતું નથી.

વધુમાં, આ કામે આંક–૨૫ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજૂ કરવામાં આવેલ તે પંચનામાના પંચ સાહેદ પટેલ પ્રવિણભાઇ શંકરભાઇને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે તેઓએ પુરાવા મુજબ પંચનામુ કઇ બાબતનું હતુ તેની તેઓને ખબર ન હોવાનું

તેમજ પોલીસે તેઓની તૈયાર પંચાનામા સહી લીધેલ હોવાનું જણાય આવે છે જેથી આંક–૨૫ વાળું પંચનામું પુરવાર થતુ ન હોવાનું જણાય આવે છે.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષે આંક–૩૩ થી સાહેદ ઝાલા ત્રીભોવનસીંહ ઇશ્વરસિંહનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે તેઓના પુરાવા મુજબ કયા વાહનથી અકસ્માત થયેલ તેની તેઓને ખબર ન હોવાનું તેમજ તેઓ છગનભાઇના ખેતરે રૂ વીણવા ગયેલ હોવાનું તેમજ પોલીસ તેઓનો જવાબ લીધેલ ન હોવાની હકીકત જણાવે છે.

વધુમાં, આ કામે આંક–૪૮ થી વસંતબેન ત્રીભોવનસીંહના પુરાવામાં પોલીસ સમક્ષ તેઓએ નિવેદન આપેલ ન હોવાનું તેમજ સને–૨૦૦૮ માં તેમના ઘરના બધા માણસો ઘરે હતા અને તેમના ખેતરમાં દુધનું ટેન્કર આવેલ અને તેઓ બનાવ વિશે કંઇ જાણતા ન હોવાની તેમજ બનાવ વખતે તેઓ હાજર ન હોવાની હકીકત જણાય આવે છે.

વધુમાં, આ કામે આંક–૫૧ થી ઝાલા પુરીબેન ઇશ્વરજીનો પુરાવો રજૂ થયેલ છે. તેઓના પુરાવા મુજબ તેઓ બનાવના દિવસે છગનભાઇ પટેલના ખેતરમાં કપાસનું રૂ વીણવાનું કામ કરતા હતા તે વખતે રોડ ઉપર કલાક ૧૧–૧૨ વાગ્યાના સુમારે અકસ્માતનો બનાવ બનેલ તે વખતે બાઇકવાળાને ઇજા થયેલ અને અકસ્માત કેવી રીતે થયેલ તેની તેઓને ખબર ન હોવાનું તેમજ અકસ્માત સમયે કયુ વાહન કોણ ચલાવતુ હતુ તેની તેઓને ખબર ન હોવાનું તેમજ કયા કયા વાહનો વચ્ચે થયેલ તેની તેઓને ખબર ન હોવાની હકીકત પણ તેઓના પુરાવા પરથી જણાય આવે છે.

(૧૧) વધુમાં, આ કામે ફરીયાદ પક્ષે આંક–૩૬ થી છગનભાઇ હરગોવનભાઇના પુરાવા મુજબ તેઓના ખેતરમાં સને–૨૦૧૨ માં ગામની મજુરો રૂ વીણતા હતા તે દરમ્યાન એક ટેન્કર તેઓના ખેતરમાં પુરઝડપે આવી તેઓના ખેતરમાં ઘુસી ગયેલ અને કંડકટર નીચે પડી

જતા તેને વાગેલ અને ટેન્કરનો ડ્રાયવર ટેન્કર મુકીને નાસી ગયેલ અને કંડકટરને તેની એડી પર વાગેલ અને ટેન્કર કેટલી સ્પીડમાં આવતું ન હોવાનું તેમજ ટેન્કરના ડ્રાયવરને તેઓએ જોયેલ ન હોવાની હકીકત જણાય આવે છે.

વધુમાં, આ કામે ફરીયાદ પક્ષે આંક–૩૭ થી ઝાલા હેતલબેન ઈશ્વરજીના પુરાવા મુજબ તા.૨૩/૧૧/૨૦૧૨ ના રોજ તેઓ પટેલ ગોપાળભાઈના ખેતરમાં કપાસ વીણવા મજુરી ગયેલ તે વખતે એક દુધનું ટેન્કર ખેતરમાં આવેલ અને તેનો ડ્રાયવર નાસી ગયેલ અને મોટર સાયકલ રોડ ઉપર પડેલ તેને ઘુંટીએ ઈજા થયેલ હોવાનું તેમજ ટેન્કર કેટલી સ્પીડમાં આવતું ન હોવાનું તેમજ ટેન્કરના ડ્રાયવરને તેઓએ જોયેલ ન હોવાની હકીકત જણાય આવે છે.

વધુમાં, આ કામે ફરીયાદ પક્ષે આંક–૪૯ થી ફરીયાદી વનવરસિંહ પરબતસિંહના પુરાવા મુજબ તેઓ તા.૨૩/૧૧/૨૦૧૨ ના રોજ કડા રોડ ઉપર તેમનું મોટર સાયકલ નં.જી.જે.–૦૨–એ.કે–૫૮૩ લઈને જતા હતા ત્યારે સવારના ૧૦:૦૦ વાગ્યે સામેથી એક ટ્રકે તેમની મોટર સાયકલને ટક્કર મારતા તેઓ નીચે પડી ગયેલ અને તેમના જમણા પગના ઘુંટણ તથા માથાના ભાગે તથા જમણા હાથની કોણી પર ઈજા થયેલ હોવાનું તેમજ ડૉકટરે પગની સર્જી કરાવેલ હોવાનું તેમજ ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી તેઓને ટક્કર મારેલ હોવાનું તેમજ અજાણ્યા ઈસમોએ ટ્રકના નંબર જણાવેલ હોવાની હકીકત જણાય આવે છે.

વધુમાં, આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદી દ્વારા તેઓ વધુ કોઈ પુરાવા રજૂ કરવા માંગતા ન હોવાની પુરસીસ રજૂ કરેલ છે.

(૧૨) આમ, ઉપરોકત રજૂ થયેલ પુરાવાઓ મુજબ વાહનના તેમજ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળતું ન હોય ફરીયાદ પક્ષ તરફે તપાસેલ સાહેદ ઝાલા ત્રીભોવનસીંહ ઈશ્વરસિંહને બનાવ બાબતે કોઈ જ ખબર ન હોવાનું

તેમજ પોલીસે તેઓનો કોઇ જવાબ લીધેલ ન હોવાનું તેમજ વસંતબેન ત્રીભોવનસીંહના પુરાવા મુજબ બનાવ વખતે તેઓ ઘરે ન હોય તેમજ તેઓ બનાવ બાબતે કોઇ જ ખબર ન હોવાનું તેમજ સાહેદ ઝાલા પુરીબેન ઇશ્વરસિંહના પુરાવા મુજબ તેઓ બનાવ બાબતે કંઇ જાણતા ન હોવાનું તેમજ સાહેદ છગનભાઇ હરગોવનભાઇના તથા ઝાલા હેતલબેન ઇશ્વરસિંહના પુરાવા મુજબ ટેન્કર કેટલી સ્પીડમાં આવેલ તેની તેઓને ખબર ન હોવાનું તેમજ ટેન્કરના ડ્રાયવરને તેઓએ જોયેલ ન હોવાની હકીકત જણાય આવતી હોય આમ, ફરીયાદ પક્ષને સમર્થન કરતી કોઇ હકીકત રેકર્ડ પર રજૂ થતી હોવાનું જણાય આવતું ન હોય જેથી સદર સાહેદોનો પુરાવો ફરીયાદ પક્ષને સમર્થન કરતો હોવાનું જણાય આવતું નથી.

વધુમાં, ફરીયાદીના પુરાવા મુજબ તેઓને પુરઝડપે અને ગફલતભરી રીતે ટ્રક ચલાવી અકસ્માત કરેલ હોય અને તે અકસ્માતમાં તેઓને ઇજાઓ થયેલ અને તેની તેઓએ સારવાર લીધેલ હોવાનું જણાય આવે છે. તે સિવાય તે ટ્રક કેટલી સ્પીડમાં ચાલતો અને કોણ ચલાવતું હતું તેવી કોઇ હકીકત તેઓના પુરાવા પરથી જણાય આવતી નથી.

વધુમાં, આ કામે આરોપી બનાવ વખતે ટ્રક ચલાવતા હતા તેવી પણ કોઇ હકીકત ફરીયાદીના પુરાવા પરથી જણાય આવતી નથી.

(૧૩) આ કામે આરોપી પર આક્ષેપવામાં આવેલ મુખ્ય ઈ.પી.કો. ની કલમ ૨૭૯ અંગે જોવામાં આવે તો, ઈ.પી.કો. ની કલમ ૨૭૯ કોઈ પણ વ્યકિત, બહુજન સમુદાય ની જિંદગી જોખમ માં મુકાય તે રીતે બેફામ પણે બેદરકારી પુર્વક સરિયામ રસ્તા પર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તે અંગે ની જોગવાઈઓ અંગે ની છે, તેના મુખ્ય તત્વો જોવામાં આવે તો,

(૧) જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી

(૨) બેફામપણે અથવા બેદરકારી પુર્વક આવું વાહન ચલાવવું

(૩) કે, જે કારણે બહુજન સમુદાય ની જિંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિત ને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

વધુમાં બેદરકારી અંગે જોવામાં આવે તો આ કામે ફકત ઝડપ અંગે સાહેદના નિવેદનોમાં જણાઈ આવેલ છે પરંતુ કોઈ પણ જગ્યાએ બેફામ અને ગફલતભરી તેમજ બેદરકારીપુર્વક વાહન ચલાવેલ હોય તેવો કોઈ પુરાવો પ્રોસીકયુશન રજુ કરી શકેલ નથી. જયાં બેફામ પણે હંકારવાની વાત છે ત્યાં એક સામાન્ય વ્યકિત પાસે જે અપેક્ષા રાખવામાં આવે છે તે રીતે વર્તવાનું તેવી વ્યકિત ચુકી જાય તો તે કૃત્ય બેદરકારી પુર્વકનું કહી શકાય. વધુમાં આકામે ફરીયાદપક્ષે આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ હોવાની હકીકત પણ જણાય આવતી નથી. આમ ઉપરોકત રજુ થયેલ તમામ પુરાવાઓ આધારે ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે.

(૧૪) આમ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષે આરોપીનુ કૃત્ય બેફામપણે અને બેદરકારીપૂર્વકનું હતુ તેવુ સાબિત કરવુ જોઇએ, હાલના કેસના આરોપી બનાવ વખતે અકસ્માત વાળા ટેન્કરના ચાલક હોવાનું માનવામાં આવે તો પણ આ કામે તેમની બેદરકારીનું તત્વ ફરીયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકતો ન હોવાનું મારું માનવું છે જેથી આરોપી ને શંકાનો લાભ આપવો જોઈએ તેવું

અત્રેની અદાલતનુ માનવું છે. તે સંજોગોમાં મુદ્ધા નં.૧ પરત્વેનો જવાબ નકારમા ઠરાવેલ હોય જેથી હાથ પરના કેસના આખરી નિકાલ અર્થે મુદદા નં. ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમા નિચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**–// આખરી હુકમ //–**

(૧) આ કામના આરોપી પીસ્તી બીલ મોરીયા જેસલ સેમોલભાઇ નાઓને ક્રિ.પ્રો.કો.કલમ –૨૫૫ (૧) અન્વયે ઈ. પી. કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) સદર ચુકાદા વિરુધ્ધ ભવીષ્યમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) મુજબ આ કામના આરોપી એ રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હાજર પુરા) ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન આપે તેવો હુકમ કરવામાં આવે છે. વધુમાં, આરોપીએ અગાઉ જામીન આપેલ હોય તે કાયમ રાખવામાં આવેલ છે.

ઉપરોકત હુકમ આજરોજ તા. ૩૦ માહે માર્ચ સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ: વિસનગર

(ચેતનકુમાર રમણલાલ મોદી)
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
વિસનગર. જિ.મહેસાણા.
CODE-GJ01491